**સંશોધન પધ્ધતિ (અવલોકન) :**

બાળકના જીવનમાં શાળાનો પહેલો દિવસ એક મહત્વ પૂર્ણ અને યાદગાર ક્ષણ હોય છે. આ દિવસથી બાળક શિક્ષણની દુનિયામાં પ્રવેશ કરે છે, અને એ માટે બાળક માતા-પિતા તથા શિક્ષકો ત્રણેય માટે આ દિવસ એક વિશેષ અનુભૂતિ લાવે છે. બાળકમાં ઉત્સાહ અને જિજ્ઞાસા ભરપૂર હોય છે. પણ સાથે સાથે અજાણ્યા વાતાવરણને કારણે થોડી ગભરામણ પણ દેખાય છે. શાળાનો પહેલો દિવસ જીવનની શૈક્ષણિક યાત્રાનો આરંભ છે. બાળકને જ્ઞાન મિત્રતા અને નવા અનુભવોની દુનિયામાં પ્રવેશ કરાવે છે.

**ઉત્કલ્પના :**

જો બાળકને પૂર્વકાળમાં સામાજીકરણની રમતો, વાર્તાથી શિક્ષણ અપાય તો અને અભ્યાસમાં આત્મવિશ્વાસથી જોડાય છે.

**માહિતીનું એકત્રીકરણઃ**

બાળકનું વર્તન, પૂર્વકાળનો અનુભવ (પ્રી સ્કુલ, ઘરેલું શિક્ષણ, રમતો) માતા પિતા અને શિક્ષકની ભૂમિકા, બાળક ને પર્યાવરણ કેવી રીતે પ્રોત્સાહિત કરે છે.

**માહિતીનું પૃથક્કરણ :**

પૂર્વકાળમાં યોગ્ય અનુભવ મેળવનાર બાળકો ઉત્સાહ અને આત્મવિશ્વાસ થી શાળામાં જોડાયા અનુભવના અભાવ વાળા બાળકોમાં ભય, ચિંતા અને રડવાનું પ્રમાણ વધારે જોવા મળવું શિક્ષક દ્વારા બાળકનું પ્રેમથી સ્વાગત કરવામાં આવે રમકડાં વાર્તાઓ અને ગીતો દ્વારા બાળકની શાળામાં સ્થિર કરવામાં સરળતા રહે.

**તારણો :**

બાળકોનો પહેલો શાળા દિવસ એ જીવનનો ખૂબ જ મહત્વ પૂર્ણ તબકકો છે. બાળકનો પ્રથમ શાળા દિવસ જીવનના અનુભવ પર સીધી અસર કરે છે. કેટલાક બાળક આત્મવિશ્વાસથી શાળામાં પ્રવેશ કરે છે, તો કેટલાક તણાવ, ભય, જરૂરી પ્રેરણાની અછત અનુભવે છે.

---



# વિષય : પંચતંત્રની વાર્તાઓ બાળકોના જીવનમાં કેવી રીતે અસરકારક બને છે ? તેનો અભ્યાસ

**ધર્મિષ્ઠાબેન આર. પરમાર**
(પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

પંચતંત્ર ભારતીય સંસ્કૃતિનો અતિ પ્રસિધ્ધ નીતિ કથાઓનો પ્રાચીન ગ્રંથ છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં પંડિત વિષ્ણુ શર્મા નામના વિદ્વાન દ્વારા રચવામાં આવેલ છે, જેની પાછળનો તેઓનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલારોપ્ય રાજયના રાજા અમરશક્તિના ત્રણ મંદબુધ્ધિના રાજકુમારોને જીવનમાં નૈતિકતાના મુલ્યો અને રાજનિતિ અંગેની સમજતથાસામાજીકવ્યવહાર અને વ્યવહારિક બુધ્ધિ શીખવવાનો હતો.

આ ગ્રંથમાં કુલ પાંચ ભાગ (તંત્ર) છે એટલે તેનુ નામ પંચતંત્ર રાખવામાં આવ્યું છે.

**સમસ્યાઓની ઓળખ :** નારાયણ વિદ્યાલય પૂર્વ-પ્રાથમિક વિભાગના બાળકોને વર્ગમાં અને સમૂહમાં પ્રાર્થનામાં પંચતંત્રની વાર્તાઓ કહેવામાં આવી અને તેના પરથી બાળકોની સમસ્યાઓની ઓળખ અને તેના વર્તનનો અભ્યાસ કરવામાં આવ્યો.

આમ, બાળકોની ઉપરોકત જણાવ્યા મુજબની સમસ્યાઓ ઓળખી અને પંચતંત્રની વાર્તાઓ દ્વારા તેમના જીવનના મુલ્યો વિકસાવવાના પ્રયત્નો કરવામાંઆવ્યા.

**સમસ્યાનુ ક્ષેત્ર :** નારાયણ વિદ્યાલયગુજરાતી માધ્યમના પુર્વ પ્રાથમિક વિભાગના બાળકો.

**સંશોધન કાર્યની રૂપરેખા :** આમ, બાળકોને અલગ-અલગ મુલ્યો શીખવતી વાર્તાઓ કહી તેના બોધ પરથી તેમના જીવનમાં ઉપયોગી મુલ્યોને વિકસાવવાના પ્રયત્નો કરી તેઓને જીવનના આધારભૂત મુલ્યો અંગે સમજણ આપી તેઓના વર્તન પરિવર્તન લાવવા પ્રયાસ કર્યા.

**માહિતીનુ એકત્રીકરણ :**

- પુસ્તકો લેખો વગેરેમાંથી વાંચીને બાળકોને વર્ગખંડમાં અને સમુહમાં પ્રાર્થના સભામાં અભિનય સાથે વાર્તાની રજુઆત કરવામાં આવી.
- બાળકોને ટીવીમાં વાર્તા બતાવ્યા પછી પણ તેમાંથી મળતાં બોધ વિશે મૌખિક સમજ આપવામાં આવી.